# Question Booklet

# SACC-2025

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

પરીક્ષા તા.૧૧/૧૧/૨૦૨૫

કુલ પ્રશ્નો : 100

કુલ ગુણ : 100

કુલ સમય : 60 મિનિટ

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે OMR ઉત્તરપત્રમાં વિકલ્પ E આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. આ સાથે અલગ આપેલ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

(2) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(3) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર ખંડ નિરક્ષકને જમા કરાવવાનું રહેશે.

(4) ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરજ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પર ઘાટુ કરવાનું રહેશે.

(5) દરેક પ્રશ્નના સાચાં જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવેલ છે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબને પસંદ કરવાનો રહેશે. સાચા જવાબ દીઠ એક ગુણ આપવામાં આવશે અને કોઈ પ્રશ્ન રદ થવાના સંજોગોમાં તે પ્રશ્નના ગુણની પ્રો-રેટા મુજબ અન્ય પ્રશ્નો વચ્ચે વહેંચણી કરી તે મુજબ ગુણ આપવામાં આવશે.પ્રત્યેક ખોટાં જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબ દીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબ દીઠ, ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ પ્રશ્નને ફાળવેલ ગુણના 1/4 ગુણની કપાત કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું (Encode) કરશે તો 1/4 ગુણ કાપવામાં આવશે નહિ.

(6) પ્રશ્નપત્ર તથા OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહી તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય. માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/ કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી તથા સફેદ શાહી (White Ink),બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.**

# C

(1) એક પરીક્ષામાં પ્રીતિને દીપક થી વધારે ગુણ જયારે ઉપાસનાને દિવ્યા જેટલા ગુણ મળ્યા છે. રેખાને તૃપ્તિ કરતાં ઓછા ગુણ મળ્યા છે. દીપક ઉપાસનાથી વધુ ગુણ મેળવે છે. તૃપ્તિને દિવ્યા કરતાં ઓછા ગુણ મળ્યા છે. તો સૌથી ઓછા ગુણ કોને મળ્યા હશે?

(A) દીપક

(B) રેખા

(C) તુપ્તિ

(D) ઉપાસના

2.શીલા ગીતાથી મોટી છે, રમેશ શીલા અને મીનાથી નાનો છે. મીના ગીતાથી નાની છે તો આમાં સૌથી મોટું કોણ?

(A) શીલા

(B) મીના

(C) રમેશ

(D) ગીતા

(3) એક ક્રિકેટ મેચમાં દીપકે રાકેશ કરતાં વધુ રન પરંતુ હિતેશ કરતાં ઓછા રન બનાવ્યા. હિતેશના રન દેવ ના રન બરાબર નથી. દેવે નીરજથી વધુ રન બનાવ્યા, તો સૌથી વધુ રન કોણે બનાવ્યા હશે ?

(A) હિતેશ

(B) દેવ

(C) દીપક

(D) વિગત અધૂરી છે.

(4) A, B, C, D અને E જુદી - જુદી વજનની પેટીઓ છે. E એ ફક્ત A કરતાં વધારે ભારે છે. C એ A અને E કરતાં ભારે છે, પણ B થી ઓછી ભારે છે પરંતુ B એ સૌથી વધુ ભારે નથી. તો સૌથી વધારે ભારે પેટી કઈ છે ?

(A) B

(B) A

(C) D

(D) E

(5) પૂણે એ ઝાંસી કરતાં મોટું છે. સીતાપુર ચિતોડ થી મોટું છે. રાજગઢ ઝાંસી જેટલું મોટું નથી પણ સીતાપુર કરતાં નાનું છે. તો કયું શહેર સૌથી નાનું છે ?

(A) પૂણે

(B) ચિતોડ

(C) ઝાંસી

(D) રાજગઢ

(6) A એ B ને કહ્યું, “તારી સાસુ અને મારી સાસુ મા-દીકરી થાય છે." તો A અને B વચ્ચે કેવો સબંધ હશે?

(A) સસરો - જમાઈ

(B) મામો- ભાણેજ

(C) સાળી-બનેવી

(D) કાકો-ભત્રીજો

(7) B થી A મોટો છે પરંતુ C થી નાનો છે. E એ D થી નાનો પણ A થી મોટો છે. જો C એ D થી નાનો હોય તો સૌથી મોટી કોણ છે ?

(A) D

(B) C

(C) E

(D) A

(8) A, B, C, D અને E માં A એ B થી ઊંચો પણ C થી નીચો છે. B માત્ર E થી ઊંચો છે અને C સૌથી ઊંચો નથી. જો બધાને ઊંચાઈ પ્રમાણે ચડતા ક્રમમાં ગોઠવવામાં આવે તો કયું જૂથ સાચું છે ?

(A) D-C-A-B-E

(B) C-D-A-B-E

(C)C-D-B-A-E

(D) D-A-C-B-E

(9) A, B, C, D અને E એક વિષયમાં અલગ અલગ ગુણ મેળવે છે. B માત્ર C થી અને E થી વધુ ગુણ મેળવે છે. D માત્ર A થી ઓછા ગુણ મેળવે છે. તો સૌથી ઓછા ગુણ કોણે મેળવ્યા હશે ?

(A) C

(B) E

(C) C અથવા E

(D) માહિતી અધૂરી છે

(10) P, Q, R, S માં P ની ઊંચાઈQ થી ઓછી પણ R થી વધુ છે, જે S થી નીચો છે. આમાં સૌથી ઓછી ઊંચાઈ કોની છે?

(A) P

(B) Q

(C) S

(D) R

(11) P એ R થી વધુ બુદ્ધિશાળી છે. Q, T થી મંદબુદ્ધિ છે. P એ T થી વધુ બુદ્ધિશાળી છે. તો સૌથી વધુ બુદ્ધિશાળી કોણ છે ?

(A) P

(B) R

(C) Q

(D) T

(12) Q ની સરખામણીમાં P લાંબો છે, Q એ R થી લાંબો છે. P થી લાંબો S છે. તો સૌથી લાંબો કોણ છે?

(A) R

(B) Q

(C) S

(D) P

13.કયું અલગ પડે છે ?

(A) TS

(B) FG

(C) PO

(D) XW

14.A Bનો ભાઈ છે, Bનો પિતા Aની માતાનો પતિ છે Aની બહેન

કોણ છે ?

(A)B

(B) C

(C) Bની માતા

(D) નક્કી ન થઈ શકે

15.FLOWER: REWOLF :: FRUITS:

(A) STIURF

(B) STUIFR

(C) STUIRF

(D) STRUIF

16.કયું અલગ પડે છે ?

(A) SLE

(B) MTF

(C) RKD

(D) UNG

17.સંસ્કૃત : કાલિદાસ : બંગાળી : ?

(A) બનાર્ડ શો

(B) રવીન્દ્રનાથ ટાગોર

(C) તુલસીદાસ

(D) બેકન

18._bbaab_a_bba

(A) aba

(B) baa

(C) bba

(D) aab

19.જો 'આકાશ'ને દરિયો, દરિયાને પાણી, પાણીને હવા, હવાને વાદળ અને વાદળને નદી કહીએ તો માણસને તરસ લાગે તો શું પીવે ?

(A)આકાશ

(B)વાદળ

(C) પાણી

(D) હવા

20.અરુણે કહ્યું: “આ છોકરી એ મારી માતાના પૌત્રની પત્ની છે” તો અરુણને આ છોકરી સાથે શો સંબંધ હોય ?

(A) સસરા

(B) પુત્રવધુ

(C) પિતા

(D) દાદા

21.એક વ્યક્તિ ઉત્તર દિશામાં ચાલવાનું શરૂ કરે છે. 500 મીટર ચાલ્યા પછી તે કે તે જમણી બાજુ 200 મીટર ચાલે છે. ફરી તે જમણી બાજુ 100 મીટર ચાલે છે. હવે તેનું મુખ કઈ દિશામાં હશે ?

(A) ઉત્તર

(B) પૂર્વ

(C) દક્ષિણ

(D) ઉત્તર-પશ્ચિમ

22. ક્રમમાં કંઈ સંખ્યા આવશે ?

5, 6, 10, 19, ?

(A) 23

(B) 35

(C) 25

(D) 16

23. 11, 15, 20, 26, 33, ?

(A) 39

(B) 40

(C) 36

(D) 41

24.જો STANO માટેની સંજ્ઞા RSZMC હોય તો WRITE માટે ?

(A) DHSVQ

(B) QVHSD

(C) HVDSG

(D) VQHSD

25.જો 2 ઓક્ટોબર 2011 ના રોજ મંગળવાર હોય તો 2 ઓક્ટોબર 2012 ના રોજ કયો વાર હોય ?

(A) ગુરુવાર

(B) બુધવાર

(C) શુક્રવાર

(D) મંગળવાર

26.મિનિટ અને કલાકનો કાંટો 24 કલાકમાં કેટલી વખત કાટખૂણો બનાવે છે?

(A) 22

(B) 48

(C) 44

(D) 46

27. આમાંથી કયું જુદું પડે છે ?

(A) 69-56

(B) 95-82

(C) 55-42

(D) 48-36

28. 10, 15, 13, 18, 16,

(A)21

(B) 19

(C) 25

(D) 20

29. રાજનો ક્રમાંક ઉપરથી 7 મો અને નીચેથી 28મો છે. તો આ કતારમાં કુલ કેટલા વિદ્યાર્થી હોય ?

(A) 35

(B) 34

(C) 32

(D) નક્કી ન કરી શકાય

(30) SATISFACTION માંથી કયો શબ્દ બને છે ?

(A) FICTION

(B) CAUTION

(C) SECTION

(D) TACTFUL

31.A, B, C, D અને E એકબીજાની પાછળ દોડી રહ્યા છે. C, E ની નજીક નથી અને A, D ની નજીક નથી. B, A ની પાછળ છે અને E, D ની નજીક નથી. વચ્ચે કઈ વ્યક્તિ હશે ?

(A) B

(B) E

(C) A

(D) C

32.જો કોઈ સાંકેતિક ભાષામાં SKEW ને PNCY વડે દર્શાવવામાં આવે તો JXQV ને શી રીતે દર્શાવી શકાય. 8.

(a) MUTS

(b) MUST

(c) MTSU

(d) STUM

33.એ, બી નું પાંચ ગણું છે તો બી, એ થી કેટલા ટકા ઓછું છે તેમ કહી શકાય ?

(A) 25 ટકા

(8) 45 ટકા

(C 80 ટકા

(D) 90 ટકા

34.એક સાંકેતિક ભાષામાં GIRL ને FHQK દ્વારા દર્શાવાય છે તે સાંકેતિક ભાષામાં WOMEN છે કેવી રીતે દર્શાવી શકાય ?

(A) VNLDM

(8) FHQKN

(C) XPNFO

(D) VLNDM

35.એક માણસ પૂર્વમાં 6 મીટર ગયો, ત્યારબાદ તે દક્ષિણમાં 8 મીટર ચાલ્યો. હવે તે તેના ચાલવાના સ્થળથી કેટલા મીટર દૂર હશે.

(A) 2

(B) 8

(C) 10

(D) 14

36.જો LINK નો અર્થ KILN હોય તો PINK નો અર્થ શું થાય ?

(A) KINP

(B) IPNK

(C) NIKP

(D) KIPN

37.છ પુસ્તકો એ, બી, સી, ડી, ઈ અને એફ ને આજુબાજુમાં રાખવામાં આવેલ છે. બી, સી અને ઈ નું બ્લુ કવર છે જ્યારે અન્ય પુસ્તકોનું આવરણ લાલ છે. માત્ર ડી અને એક નવા પુસ્તકો છે અને બાકીના તમામ જૂનાં છે એ, સી અને ડી કાયદાનો રિપોર્ટ છે અને અન્ય ગેઝેટીયર છે. તો કયું પુસ્તક નવું લાલ કવરવાળું ફાયદાકીય પુસ્તક છે ?

(A) એ

(B) બી

(C)સી

(D)ડી

38.34 x 52 = 5,423, તો 82×46 બરાબર કેટલા થાય?

(A) 2,648

(B) 8,462

(C) 4,268

(D) 2,486

39.નીચે આપેલા વિકલ્પોમાંથી કયો શબ્દ 'CONTENMENT' માંથી બનતો નથી ?

(A) MEET

(B) TENT

(C) CONTENT

(D) TENAMENT

40.PHOENIX, PHOBIA, PHONE, PHONOGRAM ને ડિક્ષનરીમાં ક્રમવાર ગોઠવતા પ્રથમ ક્રમે કયો શબ્દ આવશે?

(A) PHOENIX

(B) PHOBIA

(C) PHONOGRAM

(D) PHONE

41. ગોળાની ત્રિજ્યામાં 40%નો ઘટાડો કરતાં ગોળાના ઘનફળમાં................% નો ઘટાડો થાય.

a. 40

b. 21.6

c. 60

d. 78.4

42. 1, 3, 5, 7 અને 9 અંકોનો ઉપયોગ કરી 5 અંકોવાળી કેટલી સંખ્યા બનાવી શકે?

a. 120

b. 96

c. 100

d. 88

43. એક વસ્તુ રૂ. 651 માં વેચવાથી 7% નુકસાન થાય છે. તો તે વસ્તુની ખરીદકિંમત શું હશે?

a. 744

b. 751

c. 793

d. 700

44. અનિકેત દ્વારા વિજ્ઞાન અને ગણિતમાં મેળવેલ કુલ ગુણ અંગ્રેજીનાગુણ કરતાં 100 વધુ છે. તેને અંગ્રેજીમાં કેટલા ગુણ મેળવ્યા હશે? ત્રણ વિશેના સરેરાશ ગુણ 60 છે.

a. 60

b. 40

c. 80

d. 100

45. રૂ.3000/-નું 8%ના દરે બે વર્ષ પછી ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું મળશે?

a. 501.50

b. 499.20

c. 495.00

d. 510.00

46. એક કેળાની કિંમત રૂ.2.25 છે અને સફરજની કિંમત રૂ.3.00 છે. 4 ડઝન કેળાં અને 3 ડઝન સફરજનની કુલ કિંમત કેટલી થાય?

a. 108

b. 312

c. 226

d. 216

47. એક વ્હીલનો વ્યાસ 3.5 મીટર છે. તે 11 કિલોમીટરનું અંતર કાપવા કેટલી વાર રાઉન્ડ ફરશે?

a. 800

b. 900

c. 1000

d. 1100

48. જો ચોરસના એક બાજુની લંબાઈ 5.2 સે.મી. હોય તો તેનો વિસ્તાર કેટલો હશે?

a. 25.04 સે.મી.$^2$

b. 26.06 સે.મી.$^2$

c. 27.04 સે.મી.$^2$

d. 28.08 સે.મી.$^2$

49. જો એક લંબચોરસ મેદાનની લંબાઈ અને પહોળાઈ 3:2 ના પ્રમાણમાં હોય. તેની પરિમિતિ 50 મીટર હોય તો તેની પહોળાઈ મીટરમાં કેટલી થાય?

a. 18 મીટર

b. 16 મીટર

c. 10 મીટર

d. 24 મીટર

50. 5 સતત અંકોની સરેરાસ 7 થાય છે. સૌથી મોટો અંક કયો હશે ?

a. 7

b. 8

c. 9

d. 10

51. હરીશ પાસે કેટલીક મરઘી અને ગાયો છે. ખેતરમાં પશુધનનો કુલ અંક 59 છે. પગની કુલ સંખ્યા 190 છે. તેની પાસે કેટલી ગાયો હશે?

a. 28

b. 32

c. 36

d. 40

52. 40 બાળકોની લાઈનમાં મોહન જમણી બાજુથી 14 માં ક્રમે છે. તો તે ડાબી બાજુથી કયા ક્રમે હશે?

a. 25મો

b. 27મો

c. 24મો

d. 26મો

53. એક વર્ગમાં 70 વિદ્યાર્થી છે. 30 ટકા વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય છે. તો કેટલા વિદ્યાર્થીઓ પાસ થાય હશે?

a. 49

b. 21

c. 55

d. 28

54. 120, 504 અને 882 મો ગુરુત્તમ સામાન્ય અવયવ.............છે.

a. 6

b. 120

c. 7

d. એકપણ નહીં

55. બે અંકોની એક સંખ્યામાં દશકનો અંક 7 અને બંને અંકોનો સરવાળો એ એકમના અંકનો 8 ગણો છે. તે સંખ્યા .......... છે.

a. 70

b. 17

c. 71

d. 78

56. પિતા અને પુત્રની હાલની ઉંમરનો સરવાળો 110 વર્ષ છે. જો દસ વર્ષ પેહલા તેમની ઉંમરનો ગુણાકાર 1856 હોય તો પિતાની હાલની ઉંમર શોધો.

a. 42 વર્ષ

b. 88 વર્ષ

c. 68 વર્ષ

d. એકપણ નહીં

57. બે ક્રમિક પ્રાકૃતિક સંખ્યાઓ શોધો. જેમાં વર્ગોનો સરવાળો 365 થાય.

a. 12 અને 13

b. 14 અને 15

c. 13 અને 14

d. એકપણ નહીં

58. 20ના એવા બે ભાગ પાડો જેમાં વર્ગોનો સરવાળો 218 થાય.

a. 12 અને 8

b. 14 અને 6

c. 13 અને 7

d. એકપણ નહીં

59. એક વેપારી એક ફૂલદાની રૂ.96માં વેચે તો તેને પડતર કિંમત જેટલાં ટકાનો નફો મળે. ફૂલદાનીની પડતર કિંમત કેટલી છે?

a. રૂ.96

b. રૂ.60

c. રૂ.160

d. એકપણ નહીં

60. બે અંકોની એક સંખ્યાના અંકોનો ગુણાકાર 21 છે. જો સંખ્યામાં 36 ઉમેરવામાં આવે તો મળતી નવી સંખ્યાના અંકો, જુની સંખ્યાના અંકોની અદલાબદલી કરવાથી મળે છે. તો તે સંખ્યા સોધો.

a. 79

b. 27

c. 37

d. 72

61.સૌથી મોટી ઋણ પૂર્ણાંક સંખ્યા કઈ છે?

a. -8

b. -6

c. -1

d. -7

62.દરેક સમતલમાં ઓછામાં ઓછા કેટલાં અસમરેખ બિંદુઓ હોય?

a. ત્રણ

b. બે

c. ચાર

d. પાંચ

63.વર્તુળની જીવા અંગે કયું વિધાન ખોટું છે?

a. દરેક વ્યાસ જીવા છે.

b. એકરૂપ જીવાઓ કેન્દ્રથી સરખા અંતરે હોય છે.

c. દરેક જીવા વ્યાસ નથી.

d. દરેક જીવા વર્તુળના કેન્દ્રમાંથી પસાર થાય છે.

64.બે અવિભાજ્ય સંખ્યાઓનો ગુ.સા.અ કેટલો થાય?

a. બંન્ને સંખ્યાઓનો ગુણાકાર

b. 1

c. બેમાંથી નાની સંખ્યા

d. બેમાંથી મોટી સંખ્યા

65.બે અવિભાજ્ય સંખ્યાઓનો લ.સા.અ.કેટલો થાય?

a. 1

b. બેમાંથી મોટી સંખ્યા

c. બેમાંથી નાની સંખ્યા

d. બંને સંખ્યાનો ગુણાકાર

66. એક વ્યક્તિ બે ઘડિયાળ રૂ.410 માં ખરીદે છે તેને એક ઘડિયાળ રૂ.10% નુકસાનથી અને બીજી ઘડિયાળ 15% નફાથી વેચે છે. અહીં બંનેની વેચાણકિંમત સરખી છે. તો નુકસાનથી વેચી તે ઘડિયાળની મૂળ કિંમત કેટલી હશે?

a. 230

b. 240

c. 250

d. 260

67. રમેશ એક ટેબલ સુરેશને 15% નફાથી વેચે છે. સુરેશ એ જ ટેબલ મહેશને 10% નફાથી વેચે છે. જો મહેશ આ ટેબલ માટે રૂ.759 ચૂકવે તો રમેશને એ ટેબલ કેટલા રૂપિયામાં પડી હશે ?

a. 600

b. 650

c. 700

d. 740

68. એક રકમ 10% ના વ્યાજે ત્રણ વર્ષ માટે સાદા અને ચક્રવૃદ્ધિ વ્યાજે રોકવામાં આવે અને જો બંને વચ્ચેનો તફાવત રૂ.155 થાય તો મુદ્દલ રકમ કેટલા રૂપિયા હશે ?

a. 7500

b. 4000

c. 3000

d. 5000

69. એક વ્યક્તિની વાર્ષિક કમાણી રૂ.65000 છે અને પ્રથમ નવ મહિનાની તેની કમાણી રૂ.47000 છે તો તે વ્યક્તિની છેલ્લા ત્રણ મહિનાની સરેરાશમાં માસિક કમાણી કેટલી ?

a. 6500

b. 5000

c. 7000

d. 6000

70. એક વર્ગના 60 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, તેમાંથી 5%ટકા ને A ગ્રેડ મળ્યો, 25% ને B+ ગ્રેડ મળ્યો, 35% ને B ગ્રેડ અને 15% ને C ગ્રેડ મળ્યો, તો પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાંથી કેટલા વિદ્યાર્થી નાપાસ થયા હશે ?

a. 13

b. 14

c. 12

d. 15

71. Find the correctly spelt word.

(a) Acommodation (b) Accommodation

(c) Accomodation (d) Acomodation

72. Give one word for the following

The profession of writing dictionaries

(a) Typography (b) Biography (c) Cartography (d) Lexicography

73. Give opposite word

Reform

(a) Ameliorate (b) Worsen (c) Amends (d) Emend

74. ……… God give you courage to face it!

(a) Should (b) Must (c) Might (d) May

75. You cannot apply for this post...... you are graduate

(a) until (b) unless (c) when (d) lest

76. His parents prevented him from ………….

(a) not doing it (b) doing not it (c) doing it (d) doing it not

77. Rimmi should avail ...... of every chance in life.

(a) her (b) himself (c) herself (d) she

78. Ankit is the best dancer...... we have ever seen.

(a) who (b) as (c) that (d) which

79. Ayush’s shirt is different ……….and cheaper than yours.

(a) than (b) from (c) for (d) into

80. The climate of our city is as good as …….. .

(a) Pune (b) those of Pune (c) off Pune (d) that of Pune

81. ………. days I lived with you were beautiful.

(a) Little (b) A little (c) Few (d) The few

82. We had reached school before the bell………

(a) had rung (b) has rung (c) rang (d) was ringing

83.It's high time you ……. to her.

(a) speak (b) spoke (c)will speak (d) have spoken

84. He said, "Bravo you have done well. " (Change the speech of the given sentence)

(a) He exclaimed him saying that he has done well.

(b) He exclaimed saying him that he has done well.

( c) He applauded him saying that I had done well

(d) He applauded him saying that he had done well

85. Find the correctly spelt word

(A) Aberrent (B) Aberrant

( C ) Abarant (D) Aberant

**86. નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટરૂપ વિકલ્પમાંથી શોધો.**

**ભાઠો**

**A.પથરો B.ભાલ**

**C.દલાલી D.કલેડું**

**87. મનસ્ + કામના - સંધિ જોડો.**

**A. મનકામના B. મનોકામના**

**C. મનઃકામના. D. ઉપરમાંથી એકેય નહીં**

**88. 'હરિવર' કયો સમાસ છે ?**

**A. તત્પુરુષ B. મધ્યમપદલોપી**

**C. કર્મધારય D. બહુવ્રીહિ**

**89. કયા અલંકારમાં એક ઉપમાનવાકય અને એક ઉપમેયવાકય હોય છે?**

**A. ઉપમા B. અર્થાન્તરન્યાસ**

**C.દૃષ્ટાંત D. ઉપમેયોપમા**

**90. 'બાળકો માતાપિતાને પ્રશ્નો પૂછતાં નથી' — આ વાક્યનું કર્મણિ વાક્ય શોધીને લખો.**

**A.માતાપિતાને બાળકો પ્રશ્નો પુછતા નથી.**

**B.બાળકોએ માતાપિતાને પ્રશ્નો પુછ્યા.**

**C.બાળકો વડે માતાપિતાને પ્રશ્નો પુછાતા નથી.**

**D.બાળકો માતાપિતાને પ્રશ્નો પૂછતા નથી**

**91. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?**

**A. મનોશાંતિ B. મનોસ્થિતિ**

**(C) ઉપરની બંને (D) બેમાંથી એકેય નહિ**

**92. સંધિ અંગે કયો વિકલ્પ ખોટો છે?**

**A.અન + ઊર્મિલ = અનૂર્મિલ**

**B.નિત્યાનિત્ય = નિત્ય+ અનિત્ય**

**C. અનર્થ= અન્ + અર્થ**

**D.પ્ર + નેતા= પ્રણેતા**

**93.'મયૂરવાહિની' શબ્દનો સમાસ ઓળખાવો**

A.કર્મધારય B.તત્પુરુષ

C.બહુવ્રીહિ D.ઉપપદ

94. વાછરડું જોયા વિના દૂધ દોહવા દેતી ગાય- શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

A.અવલી B.કવલી

C.સાવલી D.ઝાવલી

95.રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

આસમાની સુલતાની ઊતરવી

A.આકાશના રાજા હોવું

B.આકાશમાંથી નીચે આવવું

C.ખૂબ જ તડકો હોવો

D.અણધારી આપત્તિ આવી પડવી

96.આપેલ વાક્યનો પ્રકાર ઓળખાવો ?

'પોલીસે ચોરનો હાથ પકડ્યો અને તેને હાથ કડી પહેરાવી દીધી'

A.સાદું વાક્ય B.ઉદગાર વાક્ય

C.સંકુલ વાકય D.સંયુક્ત વાકય

97. સ્નુષા એટલે

A. દીકરાની વહુ B. ભાણેજની વહુ

C. સાળાની વહુ D. દિયરની વહુ

98. નીચેના કયા વાક્યમાં નિપાત છે?

A. શું તમે આ કામ કરશો?

B. તો તે હવે નહીં આવે.

C. ઉપરનાં બંને

D. બેમાંથી એકેય નહીં

99.સૌમ્યવાર એટલે કયો વાર ?

A. સોમવાર. B. ગુરુવાર

C.શુક્રવાર D.બુધવાર

100. નીચેનામાંથી કયું વાક્ય કર્મણિ પ્રયોગ દર્શાવે છે ?

A.બા માથું ઓળે છે.

B.મુન્નો દવા પીશે.

C.માંડવો વધાવાઈ ગયો.

D.સીતાએ ચિત્ર દોર્યું.